રતનપુર-રાણી સરહદ ઉપર રાજસ્થાન પોલીસનો જમાવડો

સરહદે વાહનોનાં પૈડાં થંભ્યાં : ગુજરાતની એસ.ટી. બસો પરત મોકલાઈ, આર. ટી. પી. સી. આર. રિપોર્ટ નેગેટિવ હોય તેને જ રાજસ્થાનમાં પ્રવેશ

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

ગુજરાતમાં કોરોના બમણી ગતિએ આગળ વધ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે ત્યારે હવે રાજસ્થાન સરકાર એક્શનમાં આવી બે દિવસનો કરફ્યું અમલી બનાવી ગુજરાતની રતનપુર અને રાણી સરહદ ઉપર રાજસ્થાન પોલીસનો જમાવડો ખડકી દઈ આર.ટી.પી.સી.આર. રિપોર્ટ નેગેટિવ હોય તેવા લોકોને જ રાજસ્થાનમાં પ્રવેશ આપવામાં આવે છે. ગુજરાતની એસ.ટી. બસોને પરત મોકલાતાં ધોમધખતા તાપમાં અનેક મુસાફરો અટવાયા હતા. સરહદ ઉપર રાજસ્થાન પોલીસના જમાવડા અને રિપોર્ટ ચકાસવાની કાર્યવાહીના કારણે સરહદ પાસે વાહનોનાં પૈડાં થંભી જતાં ટ્રાફીકજામ જેવી સ્થિતિ પણ જોવા મળી.

કોરોનાની બીજી લહેર ચિંતાપ્રેરક છે વૈજ્ઞાનિકોએ આગામી તા.૨૦ થી વધુ સતર્ક રહેવા પ્રજાને ચેતવણી આપી છે. કોરોનાની લહેર પરાકાષ્ટાએ નથી ત્યાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજનની અછત છે. જરૂરી ઈન્જેક્શનો પણ ઉપલબ્ધ ન હોવાના આરોપ લાગ્યા છે ત્યારે તા.૨૦ એપ્રિલથી કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ થવાની વૈજ્ઞાનિકોની ચેતવણી છતાં ગુજરાત અને જિલ્લામાં શું થશે..?? તે અંગે ઓક્સિજનનો જથ્થો મંગાવવાનો યોગ્ય નિર્ણય લીધો છે. ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યા પછી રાજસ્થાનમાં ચેપ વધુ ન પ્રસરે તે માટે રાજસ્થાન સરકારે ગુજરાતની રાજસ્થાનને જોડતી સરહદો ઉપર સઘન ચેકીંગ હાથ ધરી પોલીસ ખડકી દીધી છે. શનિવાર સવારથી જિલ્લાની રતનપુર અને રાણી સરહદ ઉપર રાજસ્થાન પોલીસે અડીંગા જમાવી ગુજરાત એસ.ટી. નિગમની બસોને રાજસ્થાનમાં પ્રવેશવા દીધી ન હતી અને પરત મોકલી દીધી છે તે જ રીતે આર.ટી.પી.સી.આર. રિપોર્ટ ન હોય અથવા પોઝિટિવ હોય તેવા તમામ લોકો અને વાહન ચાલકોને પરત ગુજરાતમાં રવાના કરી દેવાયા છે. જાણવા મળ્યા મુજબ ૨ દિવસના કરફ્યુના કારણે રાજસ્થાન પોલીસનો સરહદો ઉપર જમાવડો થયો છે.

અનેક વાહન ચાલકો પાસે આર.ટી.પી.સી.આર. રિપોર્ટ ન હોવાથી સરહદ ઉપર ઉગ્રતા, ટ્રાફીકજામ

કોરોનાના અતિક્રમણથી બચવા માટે હવે માત્ર ઘરમાં પુરાઈ રહેવું એક વિકલ્પ બચ્યો છે. રાજસ્થાન સરકારે રાજસ્થાનના અનેક વિસ્તારો ફરી વુહાન ન બની જાય તે માટે તકેદારી રાખી છે. શનિ-રવિ બે દિવસના કરફ્યુના ભાગરૂપે રાજસ્થાન પોલીસે ગુજરાતમાંથી રાજસ્થાનમાં પ્રવેશતા તમામ વાહન ચાલકોને અટકાવી તેમની પાસેથી આર.ટી.પી.સી.આર.ના રિપોર્ટની માંગ કરી તો આશ્ચર્ય વચ્ચે અનેક વાહન ચાલકો પાસે આર.ટી.પી.સી.આર. રિપોર્ટ ન હતા તેમને ગુજરાતમાં પરત ધકેલાયા છે. જેમની પાસે રિપોર્ટ હતો પરંતુ પોઝિટિવ હોય તેમને પણ પરત મોકલાયા માત્ર રિપોર્ટ નેગેટિવ હોય તેમને જ રાજસ્થાનમાં પ્રવેશ અપાતાં ખાસ કરીને રતનપુર બોર્ડ ઉપર વાહનોની કતાર લાગતાં ટ્રાફીકજામની સ્થિતિ જોવા મળી.

ભિલોડા કોટેજ હોસ્પિટલમાં શબવાહીની હોવા છતાં કોરોનાથી મોતને ભેટેલા દર્દીનો મૃતદેહ રઝળ્યો

૩ કલાકમાં માનવતા મરી પરવારી હોય તેવા દ્રશ્યો દેખાયા, અનેક ગંભીર દર્દીઓને ખાનગી વાહન મારફતે અન્યત્ર ખસેડાયા

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય તંત્રની ખાડે ગયેલી કામગીરીની પોલ સામે આવી રહી છે. ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં કોરોનાના કારણે મૃત્યુ આમેલા દર્દીનો મૃતદેહ શબવાહીની હોવા છતાં ૩ કલાક રઝળતો રહ્યો. રાત્રિના ૩-૦૦ કલાક દરમ્યાન માનવતા મરી પરવારી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. કોરોનાના કપરા કાળમાં અનેક સરકારી હોસ્પિટલના કર્મચારીઓએ જીવની પરવાહ કર્યા વગર દિવસ-રાત દર્દીઓની સેવા કરી પ્રજાના દિલમાં હીરો તરીકેનું સ્થાન મેળવ્યું છે પરંતુ ક્યાંક જૂજ કર્મચારીઓની મનમાનીના કારણે સરકારી હોસ્પિટલો બદનામ થઈ રહી છે.

પ્રાપ્ત જાણકારી મુજબ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં પણ કોરોનાનું સંક્રમણ વધતાં સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. કેટલાક દર્દીઓ મોતને ભેટ્યા છે તાજેતરમાં જ સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ભિલોડા કોટેજ હોસ્પિટલમાં આર.ટી.પી.સી.આર. રિપોર્ટ માટેની સુવિધા ઉભી કરવા આદેશ થયા છે તેમજ કોરોનાના વધતા દર્દીઓને ધ્યાને રાખી કોવિડ કેર હોસ્પિટલ કાર્યરત થઈ છે ત્યારે ભિલોડાની કોટેજ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. ગત રોજ કોરોનાના કારણે ૪૨ વર્ષિય ઈસમનું મોત નિપજયું. હવે એમ્બ્યુલન્સ કે શબવાહીની વગર મૃતદેહ લઈ જવો મુશ્કેલ હતો પરંતુ રાત્રે શબવાહીની માટે પરિવારજનોએ પ્રયત્ન કર્યા અને ૩ કલાક સુધી રઝળતા રહ્યા અને શબવાહીની હોવા છતાં મૃતદેહનો મલાજો પણ જળવાયો નહી ત્યારે સ્થાનિકોએ જણાવ્યું કે ૯ થી વધુ દર્દીઓ કોરોનાના કારણે ગંભીર હતા તેમને પણ ખાનગી વાહનો મારફતે અન્ય સ્થળે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા ભિલોડા કોટેજ હોસ્પિટલની શબવાહીની હોવા છતાં દર્દીનો મૃતદેહ કેમ રઝળતો રહ્યો..?? તેની તપાસ થાય અને જે પણ કોઈ કસૂરવાર હોય તેની સામે પગલાં ભરાવવાં જોઈએ જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય.

કોરોના ક્રૂર બન્યો : અરવલ્લીમાં બે દિવસમાં ૧૩ નાં મોત, તંત્રના ચોપડે મોત નોંધાયા નથી

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

દિવસો પસાર થાય તેમ કોરોના ક્રૂર બની રહ્યો છે. ઉત્તર ગુજરાતમાં સૌથી ઓછા પોઝિટિવ કેસ સરકારી દફતરે નોંધાઈ રહ્યા છે તેવા અરવલ્લી જિલ્લામાં પાછલા ૨ દિવસમાં કોરોનાથી ૧૩ નાં મોત નિપજ્યા છે પરંતુ આરોગ્ય વિભાગે સત્તાવાર રીતે ચોપડા ઉપર એકપણ મોત બતાવ્યું નથી. આ માત્ર અરવલ્લી જિલ્લાની વાત છે. અત્યારે તો અરવલ્લીમાં કોરોનાનો ક્રૂર પંજો ફરી વળતાં આગામી દિવસો કેવા હશે..?? તેના વિચાર માત્રથી પ્રજામાં છૂપો ભય જોવા મળ્યો છે.

તાજેતરમાં જ હાઈકોર્ટે ટકોર કરી કે સરકાર કોરોનાના સાચા અને પારદર્શિ આંકડા જાહેર કરે. આના ઉપરથી સાબિત થયું છે કે કોરોનાના સાચા આંકડા આરોગ્ય તંત્ર જાહેર કરતું નથી. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકામાં કોરોનાથી મૃત્યુ દર ઉંચકાયો છે. કેટલાક સ્મશાન ગૃહોમાં દરરોજ લાકડાં ખૂટી પડતાં હોવાની ચોંકાવનારી વિગત પણ સાંભળવા મળે છે. જે રીતે પાછલા ૨ દિવસથી કોરોનાનું સંક્રમણ વધ્યા પછી પ્રજામાં જાગ્રતતા આવી હોય કે ભયના કારણે રેપિડ ટેસ્ટ કરાવનારા લોકોની સંખ્યામાં ઉછાળો આવ્યો અને રેપિડ કીટો ખૂટી ગયાની બુમરેગ સાંભળવા મળી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા અને વાત્રકની કોવિડ હોસ્પિટલમાં પાછલા ૨ દિવસમાં જ કોરોના ૧૩ ને ભરખી જતાં ખાસ કરીને મોડાસાની કોવિડ હોસ્પિટલ ડેથ હોસ્પિટલ તરીકે પંકાઈ રહી છે. ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછત પણ આરોગ્ય વિભાગના સબસલામતના દાવાની પોલને ખુલ્લી કરી રહી છે. પાછલા એક સપ્તાહમાં જ જિલ્લામાં કોરોનાથી અનેક દર્દીઓના મોત થયા છે તો પછી મોતને તંત્ર કેમ સ્વીકારતું નથી..?? મોટાભાગે તંત્રએ છટકબારી શોધીને મોતને નોન કોવિડ વ્યાખ્યામાં વર્ગીકૃત કરતા હોય તેવું જણાઈ રહ્યું છે.

તંત્ર કોરોનાથી મોત નોંધતું નથી, કેટલાક સરકારી કર્મીઓના પરિવારને અન્યાયની આશંકા

જિલ્લામાં અનેક સરકારી કર્મીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. અન્ય જિલ્લામાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓના મોત પણ નિપજ્યા છે ત્યારે કોરોનાની કામગીરીમાં હોય તેવા કર્મચારીનું ફરજ દરમ્યાન મોત નિપજે તો સરકાર દ્વારા તેમના પરિવાર માટે સહાય જાહેર કરવામાં આવી છે. આવા સંજોગોમાં અરવલ્લી જિલ્લામાં કોરોનાથી મોતના આંકડા આરોગ્ય વિભાગ ચોપડે ઉધારતું નથી અને ન કરે નારાયણને કોઈ કર્મચારીનું કોરોનાથી મોત નિપજ્યું અને આવી જ અદ્ધરતાલ નીતિ રહે તો સરકારી કર્મીઓના પરિવારને અન્યાય થવાની આશંકા ઉભી થઈ છે.

તા. ૨૦ થી ૨૫ વચ્ચે કોરોનાના કેસ સર્વાધિક હોવાની સંભાવના

બાયડ : કોરોનાની બીજી લહેરે ભારત દેશને હચમચાવી નાખ્યો છે. આઈ.આઈ.ટી. કાનપુરના નિષ્ણાતોનું કહેવું છે કે તા.૨૦ થી ૨૫ એપ્રિલ વચ્ચે કોરોનાના કેસમાં સર્વાધિક ઉછાળો આવવાની સંભાવના છે અને ત્યારબાદ કોરોનામાં રાહત થશે. જો કે અગાઉ પણ વૈજ્ઞાનિકોએ નવેમ્બર-ડિસેમ્બરમાં કોરોના ઉપર અંકુશ આવશે તેવી આગાહી કરી હતી પરંતુ સ્થિતિ શું થઈ તે આપણી નજર સમક્ષ છે. કોરોના સામેની લડાઈ માત્ર ૨-૫ મહિના નહીં પરંતુ પુરા ૨-૪ વર્ષ ચાલશે તે પ્રજાએ સ્વીકારવું પડશે.

મોતમાં પણ હોડ જામી

વાત્રક સ્મશાન ગૃહમાં લાકડાં ખૂટ્યાં, અનેક સ્વજનો લાચાર

પોપચાં ભીનાં થઈ જાય તેવું દ્રશ્ય જોઈ બાયડના યુવાને ૫૦૦ મણ લાકડાં આપ્યાં

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

કોરોનાના કારણે મોતને ભેટેલું સ્વજન અળખામણું બની ગયું છે. દરેકને પોતાનું સ્વજન વ્હાલું હોય પરંતુ કોરોનાનો ચેપ લાગે તો પરિવારના અન્ય સભ્યો માટે પણ આફત નોંતરે તે ઉદ્દેશ્યથી કોરોના ગાઈડલાઈનનો અમલ થઈ રહ્યો છે. હવે તો હોસ્પિટલોમાં પણ કોરોનાના દર્દીઓમાં મોતમાં પણ હોડ જામ્યાની સ્થિતિ છે. સ્મશાન ગૃહમાં એક ચિતા માંડ ઠરી હોય ત્યાં બીજી ચિતા ખડકાઈ જાય છે. આ કડવી વાસ્તવિકતા સ્મશાન ગૃહોમાંથી જોવા મળી. બાયડ તાલુકાના વાત્રક સ્મશાન ગૃહમાં લાકડાં ખૂટી પડ્યાં. અનંતની વાટ પકડનાર સ્વજનને વાત્રક સ્મશાન ગૃહમાં લાવવામાં આવ્યા ત્યારે અનેક સ્વજનો લાચાર બન્યા આ દ્રશ્ય જોઈ બાયડના યુવાનનાં પોપચાં ભીનાં થઈ ગયાં અને સ્મશાન માટે લાકડાંની સેવાનો ભાવ પ્રગટ કરી ૫૦૦ મણ લાકડાં વાત્રક સ્મશાન ગૃહમાં આપવા માટે મનોમન સંકલ્પ કરી શનિવારે લાકડાં ઠાલવવાની શરૂઆત થઈ છે. ગરીબ પરિવારો, દિવ્યાંગો, અનાથને મદદ કરવી સેવા છે તેમ સ્મશાન ગૃહમાં પણ લાકડાં આપી અનેક મૃતાત્માઓની અંતેષ્ઠીમાં સહાયભૂત થવું તે મહાન સેવા છે.

બપોરનો સમય હતો, વાત્રક સ્મશાન ગૃહમાં ગણતરીની સંખ્યામાં લોકો પોતાના સ્વજનનાં મૃતદેહને લઈને આવ્યા, આશ્ચર્ય વચ્ચે લાકડાંની અછત જોવા મળી, સ્મશાન ગૃહમાં મૃતદેહ લઈને આવ્યા હતા એટલે પાછો અન્ય જગ્યાએ તો લઈ ન જવાય, જેથી કોઈનું વાહન મળે તો બાયડ જઈને લાકડાં લાવીએ અને અગ્નિદાહ કરીએ..તેવા વિચારથી સ્મશાનમાં આવેલા ડાઘુઓ પૈકી ૨-૩ જણ ટ્રેક્ટર લેવા નિકળ્યા બસ આ દ્રશ્ય બાયડનો એક યુવાન જોઈ ગયો, પૂછ્યું કોણ ગુજરી ગયું..આ બાજુ કેમ નિકળ્યા છો ત્યારે ડાઘુઓએ જણાવ્યું કે સ્વજનને લઈને આવ્યા છીએ પરંતુ સ્મશાનમાં લાકડાં નથી એટલે લાકડાં લેવા માટે ટ્રેક્ટર જેવું વાહન શોધવા નિકળ્યા છીએ. ડાઘુઓની આંખમાંથી આંસુ સરતાં રહ્યાં અને વાત સાંભળતા બાયડના યુવાનનાં આંખનાં પોપચાં ભીનાં ગઈ ગયાં. ઘરે આવ્યો રાત્રે ઉંઘ ન આવી અને બીજા દિવસ સવારે મનોમન નક્કી કર્યું કે વાત્રકના સ્મશાન ગૃહમાં મારે લાકડાં આપવાની સેવા કરવી છે તૂરંત અમલ કર્યો અને શનિવાર સવારે વાત્રક સ્મશાન ગૃહ આગળ ટ્રેક્ટર ભરી લાકડાં ઠાલવ્યાં. હમણાંથી બાયડ તાલુકામાં કોરોના તેમજ કુદરતી મૃત્યુના કારણે મૃત્યુદર ઉંચકાયો છે અને એક ચિતા માંડ ઠરે ત્યાં બીજી ચિતા ગોઠવાઈ જાય છે તેના કારણે વાત્રક સ્મશાન ગૃહમાં લાકડાંની અછત જોવા મળી. યુવાને તત્કાલ ૫૦૦ મણથી વધુ લાકડાં વાત્રક સ્મશાન ગૃહમાં ઠાલવવાનો નિર્ણય કર્યો છે અને જ્યારે પણ લાકડાંની જરૂર પડશે ત્યારે તે વધુ મદદ કરવા માટે પણ તૈયાર હોવાનું જણાવ્યું છે. ધન્ય છે બાયડના એ યુવાનને..જેને મૃતાત્માઓ માટે લાકડાંની અનોખી સેવા કરી. દાન આપવું હોય તો કોઈપણ રીતે આપી શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ બાયડનો યુવાન છે.

સ્મશાન અને સરકારી મોતના આંકડામાં મોટો તફાવત

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર વર્કર્યો છે. સરકારી કોવિડ હોસ્પિટલથી માંડી ખાનગી કોવિડ હોસ્પિટલ હાઉસ્ફુલ છે. સંક્રમિત દર્દીઓને વેઈટીંગમાં મૂકવામાં આવે છે. ત્યારે છેલ્લા એક પખવાડીયામાં સરકારના મોતના આંકડા અને સ્મશાનના આંકડામાં મોટો તફાવત સામે આવ્યો છે. તંત્ર કોરોનાથી સંક્રમિત દર્દીનું મોત નિપજે એટલે કોવિડ અને નોનકોવિડમાં વિભાજન કરી મોતમાં પણ મતભેદ ઉભા કરતા હોવાની ચર્ચા છેડાઈ છે.

કોરોનાએ માણસો જ નહીં પરંતુ વૃક્ષોનો પણ ભોગ લીધો : પ્રકૃતિ પ્રેમી

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોઈનું કોરોના કે પછી કુદરતી મૃત્યુ થાય એટલે લાકડાંથી મૃતદેહ બાળવામાં આવે છે. પાછલા એક પખવાડીયામાં કોરોનાના કારણે મૃત્યુદર ઉંચકાયો છે. કેટલાક સ્મશાન ગૃહોમાં લાકડાં ખૂટી ગયાની વિગતો સામે આવી છે ત્યારે એવું કહેવાય કે કોરોનાએ માણસ જ નહીં પરંતુ વૃક્ષોનો મોટાપાયે ભોગ લીધો છે તેવું પ્રકૃતિ પ્રેમી જણાવી રહ્યા છે.

અરવલ્લી એસ.ઓ.જી.એ વાઘ માર્યો : લોકોના પૈસા ડૂબાડનાર અર્બુદા ક્રેડીટ બેન્કના વોન્ટેડ કર્મચારીને ૪ વર્ષે દબોચ્યો

ઠગાઈ કરનાર ઝડપાયો પરંતુ છેતરાયેલી પ્રજાને પૈસા મળશે ખરા..??

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૧૭

અરવલ્લી એસ.ઓ.જી.એ વાઘ માર્યો હોય તેમ અર્બુદા ક્રેડીટ કો.ઓપ. સોસાયટીમાં લોકો પાસે પૈસા જમા કરાવી ઠગાઈ કરતા આરોપી અશોક દેવીલાલ શર્માને ૪ વર્ષ પછી અમદાવાદથી દબોચી લીધો છે. આરોપીની પોલીસ દ્વારા યોગ્ય સરભરા થશે અને પછી જામીન ઉપર મુક્ત થઈ જશે. પરંતુ ઠગાઈ કરનારા આરોપી પાસેથી છેતરાયેલી પ્રજાને પૈસા પાછા મળશે ખરા..?? પોલીસ છેતરાયેલા લોકોને પૈસા પરત અપાવશે પછી જ એસ.ઓ.જી.ની કામગીરીના વખાણ થશે.

છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી એસ.ઓ.જી. ટીમની કામગીરી સામે પણ શંકા ઉભી થઈ છે. એલ.સી.બી.માં પણ મોટાભાગના વહીવટદારો ગોઠવાઈ ગયા પછી ખુલ્લેઆમ વહીવટ થઈ રહ્યા છે અને સામાન્ય ચૂક કરનાર પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરી વાહ વાહી મેળવવામાં આવે છે. અરવલ્લી એલ.સી.બી. અને એસ.ઓ.જી.માં ગોઠવાયેલા અનેક વહીવટદારો પાસે ૨ થી ૩ મોબાઈલ ફોન છે તે ટ્રેસ આઉટ કરવામાં આવે તો પોલીસ વડાને અનેક ચોંકાવનારી વિગતો મળી શકે છે. અર્બુદા ક્રેડીટ કો.ઓપ. સોસાયટીની શાખા મોડાસામાં ખોલી લોકો પાસેથી પૈસા ઉઘરાવી છેતરપીંડી કરનાર બેન્કના કર્મચારીઓ સામે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ હતી. વર્ષ-૨૦૧૭માં થયેલી ફરિયાદમાં ૪ વર્ષ પછી વોન્ટેડ આરોપી અશોક શર્મા એસ.ઓ.જી.ને મળ્યો છે. જો કે આ અટકાયતમાં પણ અગાઉથી પ્લાનિંગ બદ્ધ સેટીંગ હોવાની લોકચર્ચા ચાલી રહી છે.

મોડાસા માં પોલીસે રેડ કરતા ૧ જુગારી પકડાયો ૪ જેટલા ફરાર

મોડાસામાં પોલીસે રેડ કરતા ૧ જુગારી પકડાયો ૪ જેટલા ફરાર થઈ ગયા હતા મોડાસા ટાઉન પોલીસની ટીમે પી.આઈ.ના માર્ગદર્શનમાં રેડ કરી હતી મોડાસાની એલાયન્સ નગર સોસાયટીમાં રેડ કરતા ૧ આરોપી પકડાયો હતો તો અન્ય ૪ જેટલા આરોપીઓ ફરાર થઈ ગયા હતા પોલીસે બાતમીના આધારે રેડ કરી હતી. આ રેડમાં ટાઉન પોલીસે ૨૩,૬૦૦ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા અને ભાગી ગયેલ જુગારીઓને પકડવાની તજવીજ હાથ ધરી હતી. રેડમાં પકડાયેલ આરોપી-મહમદ અશરફ ઈકબાલ કોકડી ઝડપાયા હતા.